જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૬૭/૧૭**

**રામોલ પોલીસ સ્ટેશન :**

## ઇગ્લીંશ દારૂની હેરાફેરી કરતા ઇસમોને પકડી કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

### ગણનાપાત્ર

ઉપરી અધિકારી શ્રી નાઓ તરફથી મળેલ સુચના તેમજ અમોએ કરેલ સુચના આધારે હાલમાં આગામી વિધાનસભા સામાન્ય ચુટણી અનુસંધાને પ્રોહીની હેરાફેરીની પ્રવુતી તથા અસામાજીક પ્રવુતિ સાથે સંકળાયેલ ઇસમો વિરુધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવી જે સુચના આધારે સર્વેલંસ સ્કોડના પો.સ.ઇ બી.બી.સોલંકી સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીગમાં નિકળેલ અને ફરતા ફરતા કલાક ૧૪/૨૫ વાગે વસ્ત્રાલ રીગરોડ પાંજરાપોળ સામે રોડ પર આવતા સાથેના પોકો કીરીટસિહ મહોબતસિહ તથા પોકો કાનાભાઇ સુરાભાઇ નાઓએ સંયુક્ત રીતે બાતમી હકીક્ત આપેલ કે ઓઢવ સર્કલ તરફથી એક મારુતી એસ એક્સ -૪ સિલ્વર કલરની ગાડી જેનો આગળ પાછળ નંબર લગાડેલ નથી તેમાં તેનો ચાલક સાથે એક ઇસમ પોતાના કબજાની ગાડીમાં કેટલોક ઇગ્લીશ દારુનો જથ્થો રાખી આવી અત્રે થઇને હાથીજણ સર્કલ તરફ જનાર છે જે બાતમી હકીક્ત આધારે પોસ.ઇ નાઓએ બે પંચોને બોલાવી હકીક્ત સમજાવી પંચોની સાથે સદરી જગ્યાએ છુટા છવાયા સદરી ગાડીની વોચમાં હાજર રહી ગાડીને રોકી ગાડીમાંથી ઇગ્લીંશ **દારુની બોટલ નંગ. ૩૪૮ (૨૯પેટી) કિમત રુપિયા ૧,૭૪,૦૦૦/૦૦** તથા મારુતી એસ એક્સ -૦૪ ગાડી જે સિલ્વર કલરની જેની આગળ પાછળ નંબર લખેલ નથી જેનો એંજીન નંબર જોતા 1595812 અને ચેચીસ નંબર જોતા 186527 નો વંચાય છે જેની કિરુ ૩,૨૫,૦૦૦/૦૦ તથા એક મો.ફોન કિ.રુ. ૧,૦૦૦/- ગણી **કુલ્લે રૂ.૫,૦૦,૦૦૦/-** નુ મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ **(૧) કીરીટ @ ભાઉ સન/ફો મનહરભાઇ સોલંકી ઉવ ૪૨ રહે, મનં ૬/૧૩, આનંદ એપા. ગુલાબનગર અમરાઇવાડી અમદાવાદ શહેર (૨) ગૌતમ ઇશ્વરભાઇ ચાવડા ઉવ ૩૨ રહે. બળીયાનગર ભીલવાડા અમદાવાદ શહેર** નાઓને **તા.૦૯/૧૨/૧૭ ના કલાક ૧૫/૩૦** વાગે પકડી કાયદેસરની કાર્યવાહી કરી પો.સ.ઇ બી.બી.સોલંકી સાહેબ નાઓએ વધુ તપાસ હાથ ધરેલ છે.



**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

ઇસનપુર પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૨૭૯/૧૭ પ્રોહી એક્ટ કલમ ૬૫ઇ, ૮૧,૧૧૬(૧), બી મુજબના કામે કરેલ કામગીરીની પ્રેસ નોટ

પોલીસ કમિશનર શ્રી,અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી, સેક્ટર-૨, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનર શ્રી, ઝોન-૬, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી, "જે" વિભાગ અમદાવાદ શહેર નાઓ તરફથી અવાર નવાર પ્રોહી/જુગારની પ્રવુતિ નેસ્તનાબુદ કરવાની સુચના આપવામા આવેલ હોય જે આધારે આજ રોજ અમો તથા અમારા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને અમદાવાદ શહેર ગુના નિવારણ શાખાના અ.હે.કો.બેન્જામીન રણછોડભાઇ બ.નં.૯૦૯૪ તથા અ.હે.કો.પ્રવિણસિંહ અભેસિંહ બ.નં.૮૭૭૩ તથા હે.કો.પ્રહલાદસિંહ રણૂભા બ.ન.૪૦૬૩ અ.પો.કો.ભવાનીભાઇ હરૂભાઇ બ.નં.૪૪૯૭ તથા પો.કો. પરાકમસિંહ હેતુભા બ.નં.૪૮૮૮ વિગેરે નાઓ પણ પેટ્રોલીંગમાં નીકળેલા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતાં કલાક ૧૪/30 વાગે ઇસનપુર ગોવિંદવાડી ચાર રસ્તા પાસે આવતા અમને તથા ગુના નિવારણ શાખાના અ.પો.કો.ભવાનીભાઇ હરૂભાઇ બ.નં.૪૪૯૭ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે " ઇસનપુર શિવપાર્ક સોસાયટીમાં બબાભાઇ રબારીના મકાનમાં રહેતો ચેતન હજારીલાલ વસેટા (ઢીંઢોરીયા) તથા હાર્દિક ઉર્ફે લખન અશોકભાઇ શાહ રહે.સી/૨૪ શિવપાર્ક સોસાયટી ઇસનપુરનાઓ ભેગા મળી ભાગીદારીમાં રાજસ્થાનથી પરપ્રાંત બનાવટ ઇંગ્લીશદારૂનો જથ્થો પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ લાવી ચેતન વછેટાના રહેઠાણ ઘરની સામે આવેલ પોતાના કબજા ભોગવટાવાળી છેલ્લી ઓરડીમાં મુકેલ છે અને ખાનગીમાં વેચાણ કરે છે તેવી હકીકત મળેલ જે આધારે હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા બાતમી હકીકતમા જણાવેલ ઇસમ નામે ચેતન સ/ઓફ હજારીલાલ ઉર્ફે રાજુભાઇ વસીટા (ઢીંઢોરીયા) ઉ.વ.31 રહે.મ.નં.૨ શિવપાર્ક સોસાયટી બબાભાઇ ઉર્ફે ગગાભાઇ રબારીના મકાનમાં ગોવિંદવાડી ઇસનપુર અમદાવાદ શહેર નાનો મળી આવેલ અને તેના કબ્જાની ઓરડીમાથી ઇંગ્લીશદારૂની બોટલ નંગ.૧૨૬ કિં.રૂ.૫૮૨૦૦/ તથા મોબાઇલ ફોન નંગ.૧ કિં.રૂ.૫૦૦/ તથા રોકડ નાણા રૂ.૨૩૨૦/- મળી કુલ કિં.રૂ.૬૧,૦૨૦/ નો મુદ્દામાલ મળી આવેલ હોય જે બાબતે ઉપર જણાવ્યા મુજબનો ગુનો દાખલ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## પેરોલ જમ્પ કરેલ આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરની ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે" વિભાગ સાહેબનાઓ તરફથી અવાર-નવાર જેલમાથી પેરોલ/ફર્લો/વચગાળાના જામીન ઉપર છુટી ફરાર થઇ ગયેલ ઇસમોને પકડી પાડવા સારૂ મળતી સુચનાઓ અન્વયે ઇસનપુર પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી એન.એમ.પટેલ સાહેબના સીધા માર્ગદર્શન અને સુચના હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ તથા સ્ટાફના માણસોએ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી પેટ્રોલીંગ દરમ્યાનમા સાથેના અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો પ્રવિણભાઇ રામજીભાઇનાઓની સયુક્ત બાતમી આધારે પાકા કેદી નં-ડ/૧૪૯૭૨ સાજીદઅલી અશરફઅલી સૈયદ ઉ.વ ૨૫ રહે,મ.ન ૧૫૯૦ રૂબી કિરાણા સ્ટોરની ગલીમા ચંડોળા તળાવ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનાને કે જે મર્ડરના ગુન્હામા જેલમા સજા ભોગવી રહેલ અને નામદાર ગુજરાત હાઇકોર્ટના હુકમ મુજબ તા ૦૮/૧૧/૨૦૧૭ ના રોજ દિન-૧૫ ની પેરોલ રજા ઉપર છુટી પેરોલ જમ્પ કરેલ તે કેદીને આજરોજ તા.૦૮/૧૨/૧૭ ના કલાક ૧૭/૦૦ વાગે તેના ઘર આગળથી પકડીને તેની બાકી રહેલ સજા ભોગવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ છે તા ૦૮/૧૨/૨૦૧૭

**ખાડીયા પોલીસ સ્ટેશન :**

મહે.પોલીસ કમિશ્નર શ્રી, અ'વાદ શહેર તથા મહે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર – ૧ તથા મહે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૩, અ'વાદ શહેર તથા મહે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "ઇ" ડિવીઝન અ'વાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃતી નેસ્ત નાબૂદ કરવા સારૂ અસરકારક કામગીરી લેવા કરેલ હુકમ અન્વયે ખાડીયા પો.સ્ટે. સીની.પોલીસ ઇન્સ્પેકટરશ્રી જી.એસ.શ્યાન નાઓની સુચના મુજબ પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી/જુગારની પ્રવૃતી નેસ્ત નાબૂદ કરવા સારૂ અ.હે.કો રમાકાંત છોટેલાલ બ.નં.-૩૬૨૩, અ.પો.કો. માલજીભાઇ નાથુભાઇ બ.નં.-૪૩૯૦, અ.પો.કો. વિનોદકુમાર જગમાલભાઇ બ.નં.-૪૨૪૪ નાઓ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ખાનગી બાતમી હકિકત આધારે માંડવીની પોળ, ગતરાડની પોળની અંદર ચોકમાં ચાર ઇસમો ગંજીપાનાનો હાર-જીતનો જુગાર રમતા હોય. તેઓને જુગારના સાધનો સાથે પકડી પાડી રોકડ રૂ.-૧૮,૩૪૦/- તથા ગંજીપાના નંગ-૫૨ ના મુદ્દામાલ સાથે આજરોજ તા.-૦૮/૧૨/૨૦૧૭ના કલાક-૧૯/૦૫ વાગ્યે પકડી અટક કરી. ખાડીયા પો.સ્ટે. સે.ગુ.ર.નં.-૩૧૬૭/૧૭ ધી જુગાર ધારા કલમ-૧૨ મુજબનો ગુનો દાખલ કરેલ છે. તા.-૦૮/૧૨/૨૦૧૭

**<u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>**

## સને ૨૦૦૮ ના ગુન્હામાં નાસ્તી ફરતી વોન્ટેડ આરોપણ બાઇ પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૭ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી એમ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના કરેલ કે અમદાવાદ શહેરમાં નાસ્તા ફરતા/પેરોલ ફર્લોના આરોપી પકડવા સુચના આપેલ જેથી અમારા સીધા માર્ગદર્શન હેઠળ પો સબ ઇન્સ પી એન ખોખરા સાહેબ નાઓએ આરોપણ બાઇ નામે કિંજલબેન વા/ઓ ધર્મેશભાઇ દિનેશભાઇ પ્રજાપતી ઉવ ૨૭ ધંધો બ્યુટી પાર્લર રહે મનં ૩ શ્રીશિવ સાબરમતી સોસાયટી સર્વોત્તમ સોસાયટી પાસે સાબરમતી અમદાવાદ શહેર નાઓનો વેજલપુર ફસ્ટ ગુ ર નં ૭૫/૨૦૦૮ ધી ઇ પી કો કલમ ૪૦૬,૪૨૦,૪૦૩,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ મુજબના કામે નાસ્તી ફરતી હોય જેથી સદરી આરોપણ બાઇને ઉપરોક્ત ગુન્હામાં આજરોજ તા ૦૮/૧૨/૧૭ ના કલાક- ૧૩/૩૦ વાગે પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૮/૧૨/૨૦૧૭

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**